U.S. Small Business Administration

# રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડ

રેસ્ટોરન્ટ અને અન્ય લાયક વ્યવસાયોને તેમની કામગીરી ચાલુ રાખી શકે તેમાં મદદરૂપ થવા માટે ભંડોળ આપવાના ઉદ્દેશથી અમેરિકન રેસ્ક્યૂ પ્લાન એક્ટ દ્વારા રેસ્ટોરન્ટ પુનરુદ્ધાર ફંડ (RRF)ની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રોગ્રામ રેસ્ટોરન્ટ્સને મહામારી સંબંધિત નુકસાનની સમકક્ષ ફંડિંગ પૂરું પાડે છે જેમાં પ્રત્યેક વ્યવસાય દીઠ $10 મિલિયન સુધી અને પ્રત્યેક ભૌતિક સ્થાન માટે મહત્તમ $ 5 મિલિયન સુધીનું ભંડોળ આપવામાં આવે છે. જો છેલ્લામાં છેલ્લે માર્ચ 11, 2023 સુધીમાં લાયક વપરાશો માટે ભંડોળનો ઉપયોગ કરવામાં આવે તો પ્રાપ્તકર્તાએ ભંડોળની પુનઃચુકવણી કરવાની જરૂર નથી.
વધુ માહિતી માટે www.sba.gov/restaurantsની મુલાકાત લો.

## કોણ અરજી કરી શકે?

જેમને મહામારી સંબંધિત આવકમાં નુકસાન થયું હોય તેવી લાયક સંસ્થાઓ જેમાં સામેલ છે:

- રેસ્ટોરન્ટ્સ
- ફૂડ સ્ટેન્ડ્સ, ફુટ ટ્રક્સ, ફુટ કાર્ટ્સ
- કેટરર્સ
- બાર, સેલૂન, લોન્જ, ટેવેર્ન્સ
- નાસ્તા અને નોન-આલ્કોહોલિક પીણાંના બાર
- લાઇસન્સ પ્રાપ્ત સુવિધા અથવા પીવાલાયક આલ્કોહોલનું ઉત્પાદન કરતા પરિસરો કે જ્યાં લોકો ઉત્પાદનો ચાખે, નમૂના લે અથવા ખરીદી કરે
- બેકરીઓ*
- બ્રૂ-પબ્સ, ટેસ્ટિંગ રૂમ, ટેપરૂમ*
- બ્રુઅરીઝ અને/અથવા માઇક્રોબ્રુઅરીઝ*
- વાઇનરીઝ અને ડિસ્ટિલરીઝ*
- ઇન્સ*

*જો જાહેર જનતાને કરવામાં આવતું વેચાણ કુલ આવકના 33% હોય તો*

## કેવી રીતે અને ક્યારે અરજી કરવી?

તમે SBA-માન્યતા પ્રાપ્ત પોઇન્ટ ઓફ સેલ રેસ્ટોરન્ટ ભાગીદારો દ્વારા અથવા સીધા જ SBAના આવી રહેલા ઑનલાઇન અરજીના પોર્ટલ પરથી અરજી કરી શકો છો, આ પોર્ટલ https://restaurants.sba.gov પર ઉપલબ્ધ થશે.

ક્યારે અરજીઓ ખુલી રહી છે તેની જાહેરાત SBA દ્વારા ઇમેલ અને સોશિયલ મીડિયા દ્વારા કરવામાં આવશે. તમે www.sba.gov/updates પર અમારા ઇમેલ એલર્ટ્સ માટે સબ્સ્ક્રાઇબ કરી શકો છો અથવા www.sba.gov/social-media પર અમારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ શોધી શકો છો.

તમે અરજી કરો ત્યારે વધારાના દસ્તાવેજોની જરૂર પડી શકે છે. www.sba.gov/restaurants પર સંપૂર્ણ યાદી જુઓ.

## તમારી અરજી માટે મદદ મેળવો

તમારી અરજી તૈયાર કરવામાં મદદ માટે, તમે નીચે આપેલાનો ઍક્સેસ કરી શકો છો:

- કૉલ સેન્ટર સહાયતા: 1-844-279-8898 (સમય: સોમવાર-શુક્રવાર સવારે 8- રાત્રે 8 ET)
- તમારી સ્થાનિક SBA જિલ્લા ઓફિસ www.sba.gov/local-assistance પર ઉપલબ્ધ છે
- નમૂનારૂપ અરજી ફોર્મ અને વિગતવાર પ્રોગ્રામ માર્ગદર્શિકા www.sba.gov/restaurants પર બહુવિધ ભાષામાં ઉપલબ્ધ છે.